# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

## ગુજરાત ઇજનેરી સેવા, વર્ગ-૧ અને ૨ (જા.ક્ર.૩૯/૨૦૧૭-૧૮)ની મુખ્ય લેખિત પરીક્ષાના ઉમેદવારો માટે

**ગુજરાત ઇજનેરી સેવા, વર્ગ-૧ અને ૨**ની જગ્યાઓ પર ભરતી કરવા માટે આયોગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્રમાંક:- ૩૯/૨૦૧૭-૧૮ની તા.૨૪-૧૨-૨૦૧૭ના રોજ લેવાયેલ પ્રિલિમિનરી પરીક્ષાનું કામચલાઉ પરિણામ તા.૦૯-૦૨-૨૦૧૮ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. પ્રિલિમિનરી પરીક્ષામાં કામચલાઉ ધોરણે સફળ થયેલ તમામ ઉમેદવારોએ મુખ્ય પરીક્ષા (લેખિત) માટે "Online" અરજી કરવાની રહેશે. ઉમેદવારોએ મુખ્ય લેખિત પરીક્ષા માટે **તા.૦૫-૦૩-૨૦૧૮ના રોજ બપોરના ૦૧.૦૦ કલાકથી તા.૧૫-૦૩-૨૦૧૮ના રોજ બપોરના ૦૧.૦૦ કલાક સુધી "Online" અરજીપત્રક ભરી** તેની પ્રિન્ટ મેળવી તથા **પરીક્ષા ફી પોસ્ટ ઓફિસમાં તા.૧૫-૦૩-૨૦૧૮ના રોજ બપોરના ૦૧.૦૦ કલાક સુધીમાં ભરી** ચલણની નકલ સહિત જરૂરી તમામ પ્રમાણપત્રો સાથે આયોગની કચેરી (**ગુજરાત જાહેર સેવા આયોગ, સેક્ટર-૧૦/એ, છ-રોડ, "છ-૩" સર્કલ પાસે, ગાંધીનગર-૩૮૨૦૧૦)** ખાતે રૂબરૂ અથવા રજી.પોસ્ટએ.ડી. દ્વારા **તા.૦૫-૦૩-૨૦૧૮ થી ૨૩-૦૩-૨૦૧૮ સુધીમાં** કચેરી સમય દરમ્યાન અચૂક મોકલી આપવાના રહેશે. ઉમેદવારો તરફથી મળેલ અરજીપત્રકોની, ઉકત જગ્યાઓના ભરતી નિયમો તથા જાહેરાતની જોગવાઈ મુજબ ચકાસણી કરવામાં આવશે અને આ જોગવાઈ સંતોષતા ઉમેદવારોને મુખ્ય પરીક્ષા (લેખિત)માં પ્રવેશ આપવામાં આવશે. મુખ્ય પરીક્ષા (લેખિત)માં પ્રવેશ અંગે આયોગનો નિર્ણય આખરી ગણાશે અને આયોગના નિર્ણય સામે કોઈપણ પત્રવ્યવહાર ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

**: મુખ્ય લેખિત પરીક્ષાના ઉમેદવારોએ નીચે દર્શાવેલ ક્રમાંક ૧ થી ૫ની અગત્યની સૂચનાઓ ધ્યાને લેવી :**

૧. ૪૦% કે તેથી વધુ અને ૧૦૦% સુધીની દ્રષ્ટિહિનતાની અશકતતા ધરાવતા ઉમેદવારોએ તેઓને લહીયાની જરૂર છે કે કેમ તે અરજીપત્રકમાં દર્શાવવામાં આવેલ કોલમમાં સ્પષ્ટપણે હા/નામાં દર્શાવવાનું રહેશે. જો "ના" દર્શાવવામાં આવેલ હશે તો પાછળથી લહીયાની સુવિધા મળશે નહીં. આવા ઉમેદવારોને કલાક દીઠ ૨૦ મિનિટ વધારાનો વળતર સમય આપવામાં આવશે .

૨. મુખ્ય લેખિત પરીક્ષા **તા.૧૨-૦૫-૨૦૧૮, તા.૧૩-૦૫-૨૦૧૮ અને તા.૨૦-૦૫-૨૦૧૮ના** રોજ ગાંધીનગર ખાતે યોજાનાર છે. મુખ્ય લેખિત પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ આયોગની વેબસાઇટ **https://gpsc-ojas.gujarat.gov.in** પર મૂકવામાં આવેલ છે..

૩. **Online અરજી કરવાની રીત:"online"** ફોર્મમાં ઉમેદવારે અગાઉ પ્રિલિમિનરી પરીક્ષાના ફોર્મમાં દર્શાવેલ વિગતો તો હશે જ, તે ઉપરાંત ઉમેદવાર હંગામી તથા કાયમી નવા સરનામાની, મેળવેલ શૈક્ષણિક લાયકાતની, અનુભવની, લહિયાની તથા વિધવાપણાની વિગત આપી શકશે. અરજીપત્રક **"Online"** ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ નીચે મુજબ તબક્કાવાર/સ્ટેપવાઇઝ કાર્યવાહી કરવાની રહે છે. ૩(૧)**https://gpsc-ojas.gujarat.gov.in** વેબસાઇટ પર જવું. ૩(૨)**"call letter/Form→ "Main Exam call letter/Form"** પર જઇ "Job Select" કરવી(જાહેરાત પસંદ કરવી). ૩(૩) ઉમેદવારે પોતાનો **"Confirmation Number"** અને **"Birth Date"** ટાઇપ કરી 'OK' પર **Click** કરવાથી ફોર્મ ખુલશે. ૩(૪)ઉમેદવારે જરૂરી વિગતો / સુધારા કર્યા બાદ "Save" કરવું. અરજીપત્રક એક વાર **'Save'** થયા બાદ તેમાં કોઈપણ સુધારા / વધારા થઈ શકશે નહીં. તેની ખાસ નોંધ લેવી. ૩(૫) અરજીપત્રક **'Save'** કરવાથી **"Print Form"** તથા **"Print Challan"**ના વિકલ્પ આવશે. અરજીપત્રકની નકલ કાઢવા માટે **"Print Form"** પર **click** કરીને પ્રિન્ટઆઉટ તથા **PDF**માં Save/ Download કરી શકશો. બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ **"Print Challan"** પર **click** કરીને પ્રિન્ટ આઉટ મેળવી નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફિસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૨૦૦/- ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જીસ ભરવાનો રહેશે અને તે અંગેનું ચલણ મેળવવાનું રહેશે. ૩(૬) બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ આ ચલણ તથા લેખિત મુખ્ય પરીક્ષાના અરજીપત્રકમાં માંગવામાં આવેલ દસ્તાવેજો સાથેનું મુખ્ય લેખિત પરીક્ષાનું અરજીપત્રક, જ્યારે અનામત કક્ષાના ઉમેદવારોએ ફક્ત લેખિત મુખ્ય પરીક્ષામાં બેસવા માટેના અરજીપત્રકની પ્રિન્ટેડ નકલ કાઢી, તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો તથા સહી સાથે **માંગવામાં આવેલ દસ્તાવેજોની નકલ સાથે અરજીપત્રક આયોગની કચેરી ખાતે તા.૨૩-૦૩-૨૦૧૮ના રોજ ૧૮:૧૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે રૂબરૂ અથવા રજી.પોસ્ટએ.ડી. દ્વારા મોકલી આપવાનું રહેશે.**

૪. **આયોગ દ્વારા આ જગ્યાની પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાતની જોગવાઇના પેરા-૪(૨)ની શૈક્ષણિક જોગવાઇ મુજબ, અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં જે ઉમેદવારોના ૨૦ વર્ષ પુરા થયેલા હોય અને નિયત લાયકાતની પદવીના છેલ્લાં સેમેસ્ટર/વર્ષની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ છે અથવા થનાર છે પરંતુ જેનું પરિણામ પ્રસિદ્ધ થયેલ ન હોય તેવા ઉમેદવારો પ્રિલીમીનરી પરીક્ષા માટે અરજી કરી શકશે. પરંતુ તેઓએ જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની પદવી મુખ્ય પરીક્ષા માટેની અરજી કરવાની છેલ્લી તારીખ:૧૫-૦૩-૨૦૧૮ સુધીમાં પ્રાપ્ત કરેલી હોવી જોઇએ. જો કે મુખ્ય પરીક્ષા માટે આયોગે જે ઉમેદવારોને લાયક ઠરાવેલ હોય તેવા ઉમેદવારોએ મુખ્ય પરીક્ષાના અરજીપત્રક સાથે પદવી પરીક્ષા પાસ કર્યા અંગેના પુરાવા મોકલવાના રહેશે. જાહેરાતની જોગવાઇના પેરા-૪(૩) મુજબ, જે ઉમેદવાર પદવી પરીક્ષા પાસ કર્યાનો પુરાવો રજૂ કરી શકશે નહિ તેવા ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે લાયક ગણવામાં આવશે નહિ. જેની અચૂક નોંધ લેવી.**

૫. ઉપરોક્ત પેરા-૩ ની સૂચનાઓ અનુસાર નિયત સમયમર્યાદા દરમ્યાન online અરજીપત્રકો ભરનાર ઉમેદવારો જ કોલલેટર ડાઉનલોડ કરી શકશે અને તેવા ઉમેદવારો જ મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. વધુમાં, જેઓ તા.૨૩-૦૩-૨૦૧૮ ના રોજ ૧૮:૧૦ કલાક સુધીમાં અરજીપત્રક અને નીચે જણાવ્યા મુજબના બિડાણો/દસ્તાવેજો આયોગની કચેરી ખાતે રજૂ કરવાનું ચૂકશે તો તેઓ જો મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહેલ હશે અને ગમે તેટલા ગુણ મેળવેલ હશે તો પણ તેઓને અપાત્ર જાહેર કરવામાં આવશે. **(a)** એસ.એસ.સી.ઇ. અથવા તેની સમકક્ષ પરીક્ષાનું પ્રમાણપત્ર કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય. (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર કે અન્ય પ્રમાણપત્ર માન્ય નથી.) **(b)** પદવી પ્રમાણપત્ર, એકથી વધુ પદવી હોય તો દરેક પદવીનું પ્રમાણપત્ર. **(c)** પદવીનું ગુણ પત્રક કે પત્રકો (માર્ક્શીટસ) **(d)** અનામત જાતિ માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ જાતિ પ્રમાણપત્ર અને શાળા છોડ્યાનું પ્રમાણપત્ર. **(e)** સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારો માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૬-૨-૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ–ક (ગુજરાતીમાં) મુજબનું 'ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોય' તેવું સને ૨૦૧૫-૧૬ ની આવકને ધ્યાને લઇ તા. ૦૧-૦૪-૨૦૧૬ થી તા.૦૮/૦૮/૨૦૧૭ ના સમયગાળા દરમ્યાન આપવામાં આવેલ પ્રમાણપત્ર કે જેનો નંબર અને તારીખ પ્રિલિમિનરી પરીક્ષાની ઓનલાઇન અરજી કરતી વખતે અરજીપત્રકમાં દર્શાવેલ હોય (ANNEXURE-A માત્ર કેન્દ્ર સરકારની નોકરી માટે માન્ય હોઇ ANNEXURE-A માન્ય ગણાશે નહીં).**(f)** શારીરિક રીતે અશક્ત ઉમેદવારોના કિસ્સામાં સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ.૨થી નિયત થયેલ સુપ્રિન્ટેડન્ટ/સિવિલ સર્જને આપેલ તબીબી પ્રમાણપત્ર. **(g)** સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવાર માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૮-૧૧-૮૯ના પરિપત્ર ક્રમાંક: એફઓએ-૧૦૮૮-૩૯૪૦-ગ.૨થી નિયત કરવામાં આવેલ નમુનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ "ના વાંધા પ્રમાણપત્ર. **(h)** નામમાં ફેરફાર કરાવેલ હોય તો ગેઝેટની / લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ. **(i)** વિધવા ઉમેદવારના કિસ્સામાં પુન:લગ્ન કરેલ નથી તે અંગેની એફીડેવીટ. **(j)** માજી સૈનિકના કિસ્સામાં ડીસ્ચાર્જબૂકની નકલ. **(k)** પોસ્ટ ઓફીસમાં ફી ભર્યા અંગેની પહોંચની નકલ. **ઉકત દર્શાવેલ બાબતે ઉમેદવારના પક્ષે થયેલ ચૂક પરત્વે આયોગ દ્વારા પાછળથી કોઇ પણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.**

**ખાસ નોંધ:-મુખ્ય પરીક્ષાનું અરજીપત્રક 'save' કર્યા બાદ અરજીપત્રકની પ્રિન્ટ કાઢીને બાંહેધરીની નીચે ઉમેદવારે જે તારીખના રોજ મુખ્ય પરીક્ષાના અરજીપત્રક 'save' કરેલ હોય તે તારીખ અને સમય આવવો જોઇએ. તેની ખાતરી કરવાની રહેશે. અન્યથા ફરી અરજીપત્રક 'save' કરીને પ્રિન્ટ કાઢવાની રહેશે. જેમાં submit કર્યાના તારીખ અને સમય હોવા જોઇએ, જેની નોંધ લેવી.**

**વધુમાં, આયોગ દ્વારા આપવામાં આવેલ નીચે મુજબની જાહેરાતોની પરીક્ષા ગાંધીનગરના વિવિધ પેટા કેન્દ્રો ખાતે યોજાનાર છે. આ જગ્યાઓની પ્રાથમિક કસોટીના અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.**

| ક્રમ (૧) | જાહેરાત ક્રમાંક (૨) | જાહેરાત ક્રમાંક/વર્ષ (૩) | પ્રાથમિક/મુખ્ય કસોટીની તારીખ અને સમય (૪) | પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની તારીખ/સમય (૫) |
|---|---|---|---|---|
| ૧ | સંયુક્ત તાંત્રિક સલાહકાર (પી.આઈ.), વર્ગ-૧ | ૪૨/૨૦૧૭-૧૮ | ૧૮/૦૩/૨૦૧૮ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૦૫/૦૩/૨૦૧૮/બપોરે ૧-૦૦ કલાકે |
| ૨ | ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ | ૪૧/૨૦૧૭-૧૮ | ૧૮/૦૩/૨૦૧૮ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૦૫/૦૩/૨૦૧૮/બપોરે ૧-૦૦ કલાકે |

જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ છે તેવા તમામ ઉમેદવારોને આ કસોટીમાં કામચલાઉ ધોરણે ઉપસ્થિત થવા દેવાનો આયોગે નિર્ણય કરેલ છે. ઉપર્યુક્ત જાહેરાતોના સંબંધિત ઉમેદવારોએ કોલમ ૫ માં દર્શાવેલ તારીખે બપોરના ૦૧-૦૦ કલાક થી પરીક્ષાના દિવસે પરીક્ષા શરૂ થવા અગાઉના બે કલાક સુધીમાં પોતાના પ્રવેશપત્ર, હાજરીપત્ર તથા ઉમેદવારોની સુચનાઓ (પરિશિષ્ટ-૧ અને ૨) **"Online"** ડાઉનલોડ કરવાના રહેશે. પ્રવેશપત્ર **"Online"** ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ નીચે મુજબ તબક્કાવાર/સ્ટેપવાઈઝ કાર્યવાહી કરવાની રહે છે. (૧) **https://gpsc-ojas.gujarat.gov.in/**પર જવું. (૨) **"Call Letter/Form→**Preliminary Exam call letter" પર **"Click"** કરવું. (૩) અહીં ઉમેદવારે પોતાની **"Job Select"** કરવી તથા **"Confirmation Number"** અને **"Birth Date"** ટાઈપ કરવાના રહેશે. (૪) હવે **"Print Call**

**Letter**" પર "**Click**" કરી પ્રવેશપત્રની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. હાજરીપત્રકમાં નોંધની અંદર પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ પર "**Click**" કરવાથી ઉમેદવારની સુચનાઓ પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ની પ્રિન્ટ નીકળશે. આ તમામ દસ્તાવેજોની પ્રિન્ટ અચુક કાઢવામાં આવે તેની નોંધ લેવી. પ્રવેશપત્ર અને હાજરીપત્રક અલગ અલગ કાગળ પર પ્રિન્ટ કરવાના રહેશે. પરીક્ષા સમયે બંને સાથે લાવવાના રહેશે. ફોટાવાળું હાજરીપત્રક પરીક્ષા ખંડમાં પરત સોંપવાનું રહેશે. જે ઉમેદવારોના ફોટા હાજરીપત્રકમાં સ્પષ્ટ જોઈ શકાય તેવા આવેલા ન હોય તેવા ઉમેદવારોએ પોતાનો પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો પરીક્ષા કેન્દ્ર પર લાવવાનો રહેશે. આ ફોટો ઉમેદવારનો પોતાનો છે તેની સ્પષ્ટતા માટે ફોટાવાળું ઓળખપત્ર સાથે રાખવું આવશ્યક છે.

<u>ખાસ નોંધ:-</u> (૧)પોસ્ટ ઓફિસમાં અરજી ફી ભરેલ નથી તેવા બિન અનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રથમ આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર "**Application Not Found**"નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે. તા.૦૪-૦૩-૨૦૧૮